રાજ્યમાં વિકલાંગતા ધરાવતા
વ્યક્તિઓ માટે કૌશલ્ય વર્ધક
તાલીમ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૭/૮૪૩૪૩/ન.બા.૧૧/છ-૧,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૪/૨૦૧૭

વંચાણે લીધા :

(૧) નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૭/૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક : સસુખા/યજન/ન.બા/૧૬-૧૭/૨૫.

<u>પ્રસ્તાવના:</u>

રાજ્યમાં વર્ષ-૨૦૧૧ના વસ્તી ગણતરીના આંકડા મુજબ રાજ્યમાં અંદાજીત ૧૦.૯૨ લાખ જેટલા વિકલાંગ વ્યક્તિઓ રહે છે. અને સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના એબીલીટી ગુજરાત સોફ્ટવેર મુજબ જુલાઇ-૨૦૧૨ સુધીમાં ૧૧.૭૯ લાખ વિકલાંગ વ્યક્તિઓ નોંધાયેલ છે. વિકલાંગ વ્યક્તિઓ ઘણીવાર યોગ્ય તાલીમના અભાવે બેરોજગાર રહે છે. આવા તમામ ૧૪ વર્ષથી ઉપરની વિકલાંગ વ્યક્તિઓને ઘર આંગણે હુન્નર કૌશલ્ય તાલીમ મળી રહે તે હેતુસર ટૂંકાગાળાના વ્યવસાયોમાં તાલીમ આપી રોજગારી / સ્વ રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓનું પુન:સ્થાપન થઇ શકે તેમ છે. તાલીમના અંતે ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ ગાંધીનગર દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે, જેથી તાલીમાર્થી વિકલાંગ વ્યક્તિઓને તુર્તજ રોજગાર મળી શકે.

ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનનલ ટ્રેનીંગ, ગાંધીનગર અંતર્ગત નોંધાયેલ સંસ્થાઓ પૈકી પસંદગી કરેલ. સંસ્થા દ્વારા વિકલાંગ વ્યક્તિઓને તેઓની વિકલાંગતાના આધારે જરૂરી ટ્રેડ/કોર્ષ નક્કી કરી જુદી-જુદી વિકલાંગતા મુજબ ૩ થી ૬ માસ સુધીના સમયગાળામાં તાલમી આપવામાં આવે, જેમાં નીચે મુજબની તાલીમ આપી શકાય તેમ છે.

શારિરીક વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે (૧) ઓટોમીકેનીક (૨) ઇલેકટ્રોનીક / ઇલેકટ્રીકલ એપ્લાઇન્સીસ રીપેરીંગ (૩) વેબ ડિઝાઇનીંગ એન્ડ ઇન્ટરનેટ

મેનેજમેન્ટ (૪) મોબાઇલ રીપેરીંગ (૫) ડેરી ફાર્મીંગ (૬) બેકરી એન્ડ કોન્ફેકસનરી (૭) ફૂડ પ્રોસેસીંગ,

અંધત્વ ધરાવતા વ્યક્તિઓ માટે (૧) ટેલી માર્કેટીંગ એન્ડ કોલ સેન્ટર એકઝીકયુટીવ ટ્રેનીંગ (૨) સાયકીયોથેરાપી (૩) બ્રેઇલ શોર્ટ હેન્ડ (૪) વેબ ડિઝાઇનીંગ એન્ડ ઇન્ટરનેટ મેનેજમેન્ટ (૫) કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ પ્રોગ્રામ સ્કીલ્સ (૬) ઓફિસ મેનેજમેન્ટ બધિરતા ધરાવતા વ્યક્તિઓ માટે (૧) કટીંગ એન્ડ ટેલરીંગ (૨) પ્રિન્ટીંગ એન્ડ કોમ્પોઝીંગ એન્ડ બુક બાઇન્ડીંગ (૩) સ્ક્રીન પ્રિન્ટીંગ (૪) સ્પાઇરલ ગ્રાઇન્ડીંગ (૫) ફૂડ પ્રોસેસીંગ.

મંદબુધ્ધિ ધરાવતા વિકલાંગ વ્યક્તિઓ માટે (૧) એન્વેલપ મેકીંગ (૨) પેપર બેગ મેકીંગ (૩) ચેર કેનીંગ (૪) ફાઇલ કવર મેકીંગ (૫) પ્રિન્ટીંગ વેવીંગ એન્ડ ડાઇંગ.

વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે ઉક્ત તાલીમ રાજ્યમાં ઉપલબ્ધ કરાવવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા તા.૭/૨/૨૦૧૭ના પત્રથી નવી બાબત રજૂ કરેલ જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વિકલાંગ વ્યક્તિઓને ઘર આંગણે હુન્નર કૌશલ્ય તાલીમ મળી રહે તે હેતુસર ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર દ્વારા તાલીમ આપી પ્રમાણ પત્ર આપવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓને તુર્ત જ રોજગાર મળી શકે તે માટે ૩ થી ૬ માસનાં કોર્ષ માટે વિવિધ ટ્રેડ માટે કુલ ૫૦૦ દિવ્યાંગ તાલીમાર્થીઓને તાલીમ આપવા અંગે તાલીમાર્થી ખર્ચ, મટીરીયલ્સ અને સ્ટાઇપેન્ડ ખર્ચ તથા યોજનાના પ્રચારનાં ખર્ચ માટે માંગણી ક્રમાંક – ૯૨, અંદાજપત્ર પ્રકાશન નં. ૨૪-૧, પાન નં.૧૪૩, જોગવાઇ રૂા. ૪૧.૨૫ લાખની નવી બાબતને સૂચવેલ બજેટ સદર હેઠળ કુલ રૂા. ૪૧.૨૫ લાખની નીચે મુજબની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

-3-

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) તાલીમ અંગેની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગના પરામર્શમાં કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુખ્ય સદર-૨૨૩૫ સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ૧૦૧- વિકલાંગોનું કલ્યાણ, ૩ એસસીડબલ્યુ-૮ વિકલાંગોના કલ્યાણ માટેની યોજના સદરે પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.